રજુ તારીખ	૨૪/૦૩/૨૦૧૧		
દાખલ તારીખ	૨૪/૦૩/૨૦૧૧		
ફેંસલ તારીખ	૧૧/૦૩/૨૦૨૫		
અવધિ	વર્ષ	માસ	દિવસ
	૧૩	૧૧	૧૫

<u>મે . વલસાડ ખાતેના મજુર અદાલતના પ્રિસાઈડીંગ ઓફીસર શ્રી એમ. એલ. ચોથાણી સાહેબ સમક્ષ, મુ. વલસાડ.</u>

<u>રેફરન્સ(એલ.સી.વી.) નં. ૩૪/૨૦૧૧</u>
<u>આંક: ૬૬</u>

<u>પ્રથમ પક્ષકાર:</u> મે. ગાયત્રી શક્તિ પેપર એન્ડ બોડર્સ લી.,
પ્લોટ નં.:- ૭૯૯/૧ થર્ડ ફેઈઝ, જી.આઈ.ડી.સી.,
વાપી, તા. વાપી, જી. વલસાડ.

<u>વિરુધ્ધ</u>

<u>બીજા પક્ષકાર:</u> શ્રી મહેન્દ્ર સીતારામ ચૌધરી,
મુા. દોલત નગર, પો.કરવડ,
દેગામ રોડ, વાયા-વાપી, તા. પારડી.

ગુજરાત રાજય કામદાર સેવા સંઘ,
સાંઈ પ્લાઝા કોમ્પ્લેક્ષ, બી-૨૦૪,
સેકન્ડ ફલોર, ટેલીફોન એક્ષચેજની સામે,
જી.આઈ.ડી.સી.- ચાર રસ્તા-વાપી,
તા.-વાપી, જી. વલસાડ.

પ્રથમ પક્ષકાર.૧	વિ. વ. શ્રી કે. એચ. પટેલ
બીજા પક્ષકાર:	યુનિયન પ્રતિનિધી શ્રી આર.એમ. પ્રજાપતિ

<u>-: જજમેન્ટ :-</u>

(૧)આ રેફરન્સ મદદનીશ શ્રમ આયુક્ત શ્રી, વલસાડ તરફથી તેઓના હુકમ ક્રમાંક : કે . એચ. એસ.એસ.એમ.સી./**૧૧૩૭**/ એજે/આઈડીઆર/એફ/એફ: **૩૩૯/૨૦૦૯** તા.**૨૨/૦૩/૨૦૧૧**

થી જરૂરી ન્યાય નિર્ણય અર્થે અત્રેની કોર્ટને રીફર કરેલ છે, જેની અનુસૂચિ મુજબ ન્યાય નિર્ણય અર્થે અત્રે રીફર કરવામાં આવેલ છે.

<u>અનુસુચિ</u>

" **શ્રી મહેન્દ્ર સીતારામ ચૌધરી** " ને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં સાતત્ય સાથે પુનઃસ્થાપિત કરવા કે કેમ ?"

(૨) આ કામમાં આંક–**૨** થી પક્ષકારોને નોટીસ કાઢવામાં આવેલ છે. જે પક્ષકારોને બજી ગયેલ છે ત્યારબાદ બીજા પક્ષકારે આંક–**૦૫** થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયમી પ્રકારનો કામ ઉપર કાયમી કામદાર તરીકે તા.૦૯/૦૬/૨૦૦૭ થી વી. એલ. સિસ્ટમ ઓપરેટર તરીકે છેલ્લા માસીક રૂપિયા ૬૮૦૦/– નાં પગારથી પોતાની ફરજ ખંત અને વફાદારીથી બજાવતા આવેલ છે. બીજા પક્ષકાર તા.૧૨/૦૧/૨૦૦૯ નાં રોજ સેકન્ડ શીફટ ફરજ પુરી કરી ઘરે જતા રહેલ અને તા.૧૩/૦૧/૨૦૦૯ નાં રોજ વિકલી ઓફ હોવાથી પ્રથમ પક્ષકાર સંસ્થામાં ફરજ ઉપર ગયેલ નથી. અને બીજા પક્ષકારની તા.૧૪/૦૧/૨૦૦૯ નાં રોજ ફસ્ટ શિફટમાં ફરજ હોવાથી રાબેતા મુજબની ફસ્ટ શીફટમાં સવારે ૭.૦૦ કલાકે હાજર થવા ગયેલ ત્યારે ગેટ ઉપર પંચીંગ કાર્ડ ન હોવાથી બીજા પક્ષકારે ગેટ ઉપર હાજર વાચમેનને પુછેલ ત્યારે વાચમેને જણાવેલ કે "તમારો કાર્ડ ઓફીસવાળા ઉઠાવી લઈ ગયેલ છે" જેથી બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થાના ટાઇમકીપર શ્રી સુનીલભાઇ સાથે ટેલીફોન પર વાત કરેલ ત્યારે જણાવેલ કે, "તમારો કાર્ડ તમારા ડિપાર્ટમાંથી જણાવ્યા પ્રમાણે ઉઠાવી લેવામાં આવેલ છે હું ૧૧.૦૦ વાગે આવું છું પછી વાત કરીશું" જેથી બીજા પક્ષકાર તેમની રાહ જોઈ બેઠા હતા. ત્યારે સુનિલભાઈ સંસ્થામાં આવતા બીજા પક્ષકાર તેમને મળવા ગયેલ અને મળેલ ત્યારે તેઓએ સંસ્થાનાં ટેકનીકલ ડાયરેકટર શ્રી બંસલ સાહેબ સાથે વાત કરેલ તેઓએ ફરજ ઉપર લેવાનો ઈન્કાર કરી દીધેલ અને સંસ્થામાંથી બહાર કાઢી મુકવા જણાવેલ જેથી ટાઇમ કીપર શ્રી સુનિલભાઈએ બીજા પક્ષકારને બહાર કાઢી મુકેલ. આમ બીજા પક્ષકારને કોઈપણ જાતના વ્યાજબી કારણ વિના, કિન્નાખોરી રાખી, કોઈપણ જાતની નોટીસ, ચાર્જશીટ કે ઘરગથ્થુ તપાસની કાર્યવાહી કર્યા સિવાય, કુદરતી ન્યાયનાં સિધ્ધાંત વિરૂધ્ધ, સ્ટેન્ડીંગ ઓડર્સની જોગવાઈ વિરૂધ્ધ, ગેરવ્યાજબી, ગેરકાયદેસર સુનિલભાઈએ તા.૧૪/૦૧/૨૦૦૯ ના રોજથી મૌખિક હુકમથી છુટા કરી દીધેલ. ત્યારબાદ બીજા પક્ષકાર રાબેતા મુજબની ફરજ ઉપર ફરજનાં નિયત સમયે રોજેરોજ હાજર થતાં – પરંતુ પ્રથમ પક્ષકાર સંસ્થાએ ફરજ ઉપર લીધેલ નથી કે કોઈ હકક હિસ્સાની રકમ પણ ચુકવેલ નથી. જેથી બીજા પક્ષકારે તેમના અગાઉનાં યુનિયન "ગુજરાત રાજય કામદાર મારફતે પ્રથમ પક્ષકારને મોકલેલ. સદર નોટીસ પ્રથમ પક્ષકારને મળતા તેમના જવાબદાર અધિકારી શ્રી જોસવા સાહેબે યુનિયનનાં હોદેદાર સાથે વાતચીત કરેલ અને બીજા પક્ષકારને કામે રાખી લેવા અને પડેલા દિવસોનાં પગાર પણ ચુકવી આપવા જણાવેલ. તે મુજબ બીજા પક્ષકાર તા.૦૫/૦૨/૨૦૦૯ નાં રોજ ફરજ ઉપર હાજર થઈ ગયેલ અને ફરજ બજાવતા હતા. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ફરજ ઉપર લીધેલ પણ પડેલા દિવસોનાં પગાર ચુકવેલ નથી. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે કોઈપણ જાતનાં કારણ આપ્યા સિવાય એકાએક પહેલા તા.૨૫/૦૨/૨૦૦૯ નાં રોજથી સંસ્થામાંથી સસ્પેન્ડ કરી દીધેલ અને બીજા પક્ષકારને સસ્પેન્ડ કર્યા બાદ સસ્પેન્શન એલાઉન્સ ચુકવતા ન હતા કે તેમના ઉપર કઈ બાબતનુ ચાર્જ મુકવામાં આવેલ છે તે બાબતે કોઈ તહોમતનામા કે ચાર્જશીટ આપેલ નથી. જે બાબતે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારને અનેકવાર મૌખિક રજુઆતો કરેલ પરતું આપેલ નથી. જેથી બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારને

તા.૧૦/૦૮/૨૦૦૯ નાં રોજ પત્ર લખી સસ્પેન્શન એલાઉન્સની માંગણી કરેલ. સદર પત્ર પ્રથમ પક્ષકારને મળ્યાબાદ તા.૩૧/૦૮/૨૦૦૯ નાં રોજ બીજા પક્ષકારને ખોટા, ઉપજાવી કાઢેલ કહેવાતો તહોમતાનામું મોકલેલ. બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારનાં કહેવાતા તહોમતનામાનો તા.૦૩/૧૦/૨૦૦૯ નાં રોજ શુધ્ધિબુધ્ધિ પૂર્વકનો સાચો લેખિત જવાબ આપેલ અને તેમા કેટલાંક દસ્તાવેજોની માંગણી પણ કરેલ. બીજા પક્ષકારનાં જવાબની હકીકતને ધ્યાને દીધા સિવાય પ્રથમ પક્ષકારે ખાતાકીય તપાસ કરવાનું નકકી કરેલ. બીજા પક્ષકાર ખાતાકીય તપાસની કાર્યવાહીમાં હાજર થયેલ અને હાજર થવા જતા હતા. પરતું પ્રથમ પક્ષકાર તેમજ તપાસ અધિકારીશ્રીએ સાચી હકીકત અને સાચી રજુઆતોને ધ્યાને લીધા સિવાય એકબીજાનાં મેળાપીપણામાં એકતરફી ખાતાકીય તપાસ કરી એકતરફી નિર્ણય લઈ વર્ષો જુની નોકરીનો ભોગ લઈ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી બરતરફ કરેલ છે. બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ નોકરીમાં છુટા કર્યા બાદ બીજે અનેક સ્થળોએ નોકરી મેળવવા પ્રયત્ન કર્યા હોવા છતાં બીજે કામ મળેલ નથી, કામના અભાવે બીજા પક્ષકાર કામદાર તથા કુંટુંબીજનોને ભારે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહેલ છે. આથી બીજા પક્ષકારને તા. ૩૦/૧૦/૨૦૧૦ ના રોજથી પ્રથમ પક્ષકારે નોકરીમાંથી બરતરફ કરવાનો હુકમ કર્યો છે તેવો હુકમ ગેરકાયદેસરનો છે અને યા ગેરવ્યાજબી છે અને યા બિનઅધિકૃત છે અને યા બદહેતુવાળો યા કહેવાતી ગેરવર્તણુંકની સરખામણીમાં પ્રમાણભાન વિનાનો છે તેમ જાહેર કરીને તેવો હુકમ રદબાતલ ઠરાવી બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકાર નોકરીનાં સળંગતા સહિત અને પાછલા પડેલા તમામ દિવસોના પુરેપુરા પગારે તેમજ અન્ય આનુસાંગિક લાભો સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરે તેવો ન્યાય અને ઈકવીટીમાં હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામમાં પ્રથમ પક્ષકાર તરફથી બીજા પક્ષકારના માંગણાના નિવેદન સામે પ્રથમ પક્ષકાર નંબર ૧ તરફે **આંક–૧૨** થી જવાબ રજુ કરેલ છે. તેઓએ જણાવેલ છે કે, બીજા પક્ષકાર તા.૧૩–૧–૨૦૦૯થી પોતાની ફરજ પરથી વગર રજાએ ગેરહાજર રહેતા બીજા પક્ષકારને તા. ૨૭–૧–૨૦૦૯ ના રોજ ફરજ પર હાજર થવા માટેની લેખીતમાં જાણ કરવામાં આવેલ અને ત્યારબાદ બીજા પક્ષકાર તા. ૫–૨–૨૦૦૯ નારોજ તેઓની ફરજ પર હાજર થયેલ. બીજા પક્ષકારને તા. ૧૪–૧–૨૦૦૯ નારોજથી મૌખીક હુકમથી છુટા કરી દેવામાં આવેલ હોવાના કરવામાં આવેલ આક્ષેપો બીજા પક્ષકાર પોતાની વગર રજાની ગેરહાજરીને છાવરવા માટે ગેરકાયદે ખોટી રીતે કરી રહયા છે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાના તા.૨૭–૧–૨૦૦૯ ના પત્ર મુજબ ફરજ પર હાજર થયેલ હોય અને વગર રજાની ગેરહાજરીના દીવસોના વેતન કે પગાર ચુકવી આપવા સબંધે પ્રથમ પક્ષકાર સંસ્થાના કોઈ અધીકારીએ બીજા પક્ષકારના યુનીયનના હોદ્દેદારને જણાવેલ ન હતું કે નથી, બીજા પક્ષકાર તા. ૧૩–૧–૨૦૦૯ થી તા. ૪–૨–૨૦૦૯ સુધીના સમયગાળા દરમ્યાન ફરજ પરથી ગેરહાજર રહેલ હોય તે દીવસોના વેતનની તેઓની માંગણી ખોટી તથા ગેરવ્યાજબી હોય ગ્રાહય રાખવામાં આવેલ નહી. બીજા પક્ષકારે તા.૧૦–૧–૨૦૦૯ તથા તા. ૧૨–૧–૨૦૦૯ નારોજ બોટમ લેયર ઓપરેટર તરીકેની ફરજો દરમ્યાન કેટલીક ગેરવર્તણુકો આચરતા સંસ્થાને ઉત્પાદનનું તેમજ આર્થીક નુકશાન થવા પામેલ જે સબંધે શીસ્તભંગની કાર્યવાહી હાથ ધરવાની હોય, બીજા પક્ષકારની હાજરી સંસ્થામાં હીતાવહ ન જણાતાં બીજા પક્ષકારને તા. ૨૫–૨–૨૦૦૯ ના લેખીત હુકમ દ્વારા ફરજ મોકુફ કરવામાં આવેલ જે હુકમ બીજા પક્ષકારને તે જ દીવસે બજાવવામાં આવેલ. બીજા પક્ષકારને તા. ૩૧–૮–૨૦૦૯નું વીગતવાર તોહમતનામું આપવામાં આવેલ, બીજા પક્ષકાર તરફથી તોહમતનામાનો લેખીત જવાબ તા. ૩–૧–૨૦૦૯ નો આપવમાં આવેલ, જે જવાબ બીજા પક્ષકાર દ્વારા તપાસની કાર્યવાહી દરમ્યાન રજુ કરવામાં આવેલ. તપાસની કાર્યવાહી કુલ ૧૫ સીટીંગો દરમ્યાન હાથ ધરવામાં આવેલ તે પૈકી બીજા

પક્ષકાર ફકત ૨ સીટીંગોમાં જ તપાસની કાર્યવાહીમાં ભાગ લેવા માટે હાજર થયેલ અને બાકીની મુદતોની બીજા પક્ષકારને રજી.પો.એડી.તથા યુ.પી.સી.સી. દ્વારા જાણ થવા છતાં પણ બીજા પક્ષકારે તપાસની કાર્યવાહીમાં હાજર રહી ભાગ લીધેલ નહી. તપાસની કાર્યવાહી દરમ્યાન સંસ્થા તરફથી કુલ ૩ સાહેદો રજુ કરી તપાસવામાં આવેલ તેમજ તેઓના નીવેદનો નોંધવામાં આવેલ જે સાહેદોની ઉલટ તપાસ કરવાની બીજા પક્ષકારને તકો આપવા છતાં બીજા પક્ષકારે તે તકોનો ઉપયોગ કરેલ નહી. વધુમાં બીજા પક્ષકારને પોતાના બચાવમાં સાહેદો રજુ કરવાની તેમજ પોતાના બચાવમાં નીવેદન રજુ કરવાની તેમજ દલીલો કરવાની તકો આપવામાં આપેલ હોવા છતાં બીજા પક્ષકારે તે તકોનો ઉપયોગ કરેલ નથી. આ કામના બીજા પક્ષકાર વીરૂધ્ધ મુકવામાં આવેલ ગેરવર્તણુકના આક્ષેપો સબંધે પથમ પક્ષકાર દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાઓ દ્વારા તે આક્ષેપો પુરવાર કરવામાં આવેલ છે. તપાસની કાર્યવાહી પુરી થતાં તપાસ અધીકારી દ્વારા તેમનો અહેવાલ / તારણો તા.૩–૮–૨૦૧૦ નો આપવામાં આવેલ અને તે દ્વારા બીજા પક્ષકાર વિરૂધ્ધ મુકવામાં આવેલ ગેરવર્તણુંકના આક્ષેપો પુરવાર થતાં હોવાનું જાહેર કરવામા આવેલ છે. બીજા પક્ષકારને તા. ૭–૮–૨૦૧૦ ના પત્ર દ્વારા તપાસ અધીકારીના અહેવાલની નકલ મોકલવામાં આવેલ, તે અહેવાલ સબંધે રજુઆત કરવા જણાવવામાં આવેલ, જે મુજબ બીજા પક્ષકારે લેખીત રજુઆતો તા.૩–૯–૨૦૧૦ થી કરેલ જે તા.૬–૯–૨૦૧૦ નારોજ રજી.પો. એ.ડી. કરવામા આવેલ, જે સંસ્થાને. તા. ૭–૯–૨૦૧૦ નારોજ મળેલ. બીજા પક્ષકારને શીક્ષા સબંધે બીજી કારણદર્શક નોટીશ તા.૨૫–૮–૨૦૧૦ની આપવામાં આવેલ જેનો બીજા પક્ષકાર દ્વારા કોઈ ખુલાસો રજુ કરવામાં ન આવતાં બીજા પક્ષકારને તા. ૩૦–૧૦–૨૦૧૦ ના હુકમથી નોકરીમાંથી બરતરફીની શીક્ષા કરવામાં આવેલ. બીજા પક્ષકારને ફરજ મોકુફીના સમગ્ર સમયગાળા સબંધે કાયદેસર રીતે મળવાપાત્ર જીવનનીર્વાહ ભથ્થાની ચુકવણી કરવામાં આવેલ છે. બીજા પક્ષકારને કરવામાં આવેલ બરતરફીની શીક્ષા યોગ્ય – વ્યાજબી– હોય, વધુ કોઈ રજુઆત મદદનીશ શ્રમ આયુક્ત સમક્ષની કાર્યવાહી દરમ્યાન કરવાની રહેતી ન હતી. બીજા પક્ષક ારની પુરવાર થયેલ ગેરવર્તણુક તમેજ તે કારણે પ્રથમ પક્ષકારને થયેલ નુકશાન ધ્યાને લેતાં ના. અદાલતને આઈ.ડી.. એકટની કલમ ૧૧– એ હેઠળની હકુમત પ્રાપ્ત થતી નથી. ઉપરના તમામ સંજોગો તથા હકીકતમાં બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

(૪) આ કામનાં બીજા પક્ષકાર તરફે નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

–: બીજા પક્ષકારનો મૌખિક પુરાવો :–

૧	આંક –૨૮ થી બીજા પક્ષકાર તરફે શ્રી મહેન્દ્ર સીતારામ ચૌધરીનું પુરાવા એફીડેવીટ
૨.	આંક –૫૬ થી બીજા પક્ષકાર તરફે શ્રી મહેન્દ્ર સીતારામ ચૌધરીનું પુરાવા એફીડેવીટ

–: બીજા પક્ષકાર તરફે આંક– ૭ થી દસ્તાવેજી પુરાવો :–

અ. નં.	દસ્તાવેજી પુરાવાની વિગત	તારીખ
૧	બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારને રજી.એ.ડી. થી મોકલેલ માંગણા નિવેદન જે પ્ર.પ. ને મળી જતાં પરત આવેલ એકનોલેજમેન્ટની નકલ.	––––

–: બીજા પક્ષકાર તરફે આંક– ૧૪ થી દસ્તાવેજી પુરાવો :–

અ. નં.	દસ્તાવેજી પુરાવાની વિગત	આંક	તારીખ
૧	બીજા પક્ષકારના યુનિયને પ્ર. પ. ને મોકલેલ પત્રની નકલ.	–	૦૨/૦૨/૨૦૦૯
૨.	બી. પક્ષકારે પ્ર. પ. ને આપેલ પત્રની ઝેરોક્ષ નકલ.	–	૧૫/૦૯/૨૦૦૯
૩.	બી. પક્ષકારે પ્ર. પ. ને લખેલ પત્રની નકલ.	–	૧૦/૦૮/૨૦૦૯
૪.	બી.પક્ષકારે પ્ર. પ. પ. ને લખેલ પત્રની નકલ	૨૦	૦૩/૧૦/૨૦૦૯
૫.	નિ.૪ નો પત્ર પ્ર. પ. પ. ને મળી જતાં પરત આવેલ એકનોલેજમેન્ટની નકલ.	–	૦૭/૧૦/૨૦૦૯
૬.	બી. પક્ષકારે પ્ર. પ. ને લખેલ પત્રની નકલ.	૨૧	૨૭/૧૨/૨૦૦૯
૭.	બી. પક્ષકારે પ્ર. પ. ને લખેલ પત્રની નકલ.	૨૨	૨૨/૦૯/૨૦૧૦
૮.	બી. પક્ષકારે પ્ર. પ. ને લખેલ પત્રની નકલ.	–	૧૨/૦૪/૨૦૧૦
૯.	બી. પક્ષકારે પ્ર. પ. ને લખેલ પત્રની નકલ.	–	૨૧/૦૬/૨૦૧૦
૧૦.	બી. પક્ષકારે પ્ર. પ. ને લખેલ પત્રની નકલ.	૨૩	૦૩/૦૯/૨૦૧૦

(૫) આ કામનાં પ્રથમ પક્ષકાર તરફે નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

–: પ્રથમ પક્ષકારનો મૌખિક પુરાવો :–

૧	આંક –૪૭ થી પ્રથમ પક્ષકાર તરફે સાક્ષી નીલાંજ અરૂણભાઇ દેસાઇનું પુરાવા એફીડેવીટ

–: પ્રથમ પક્ષકાર તરફે આંક– ૧૩ થી દસ્તાવેજી પુરાવો :–

અ. નં.	દસ્તાવેજી પુરાવાની વિગત	તારીખ
૧	બીજા પક્ષકાર વિરૂધ્ધ હાથ ધરવામાં આવેલ તપાસની કાર્યવાહીનો રેકર્ડ અસલ.	૧૩/૧૦/૨૦૦૯ થી ૧૨/૬/૨૦૧૦
૨.	બીજા પક્ષકાર વિરૂધ્ધ હાથ ધરવામાં આવેલ તપાસની કાર્યવાહી દરમ્યાન રેકર્ડ પર આવેલ આંક–૧ થી ૭૦ અસલ.	–
૩.	તપાસની કાર્યવાહી સબંધે તપાસ અધીકારીનો અહેવાલ	૦૩/૦૮/૨૦૧૦
૪.	તપાસ અધિકારીના અહેવાલ સબંધે રજુઆત કરવા માટે બીજા પક્ષકારને આપવામાં આવેલ પત્ર	૦૭/૦૮/૨૦૧૦
૫.	બીજા પક્ષકાર તરફથી તપાસ અધિકારીના અહેવાલ સબંધે કરવામાં આવેલ રજુઆત	૦૩/૦૯/૨૦૧૦
૬.	બીજા પક્ષકારને અહેવાલ સબંધે આપવામાં આવેલ બીજી કારણદર્શક નોટીસ	૨૫/૦૮/૨૦૧૦
૭.	બીજા પક્ષકારને કરવામાં આવેલ બરતરફીનો હુકમ	૩૦/૧૦/૨૦૧૦
૮.	આઇટમ નં.૭ બીજા પક્ષકારને મળ્યા સબંધેની એકનોલેજમેન્ટ	૦૪/૧૧/૨૦૧૦
૯.	આઇટમ નં.૫ બીજા પક્ષકારને મળ્યા સબંધેનું પોષ્ટખાતાનું પ્રમાણપત્ર અસલ.	૦૮/૦૭/૨૦૧૬

–: પ્રથમ પક્ષકાર તરફે આંક– ૧૩/૧ થી દસ્તાવેજી પુરાવો :–

અ. નં.	દસ્તાવેજી પુરાવાની વિગત	તારીખ	આંક
૧	તપાસ અધિકારીનો નિમણુકપત્ર	૩૧/૦૮/૦૯	–
૨.	આરોપનામાની નકલ	૩૧/૦૮/૦૯	૨૯
૩.	રજી.પો.ની મની રસીદ એ–૬૯૨૨	૦૧/૦૯/૦૯	–
૪.	સંસ્થાનો પત્ર (રજી.પો.એ.ડી.)	૧૯/૦૯/૦૯	૩૦
૫.	સંસ્થાનો પત્ર (રજી.પો.એ.ડી.)	૧૯/૦૯/૦૯	–
૬.	યુ.પી.સી. પ્રમાણપત્ર	૧૯/૦૯/૦૯	–
૭.	રજી.પો. મની રસીદ એ ૭૪૩૭	૧૯/૦૯/૦૯	–
૮.	રજી.પો.એ.ડી.સ્લીપ	૨૨/૦૯/૦૯	–
૯.	આંક–૨ ની એ.ડી.સ્લીપ	૧૪/૦૯/૦૯	–
૧૦.	આરોપીએ આપેલ લેખીત જવાબ કવર સાથે	૩/૧૦/૦૯	–
૧૧.	રજુઆત અધિકારી ડેનીશ નાયકનો અધિકાર પત્ર	૩૧/૦૮/૦૯	–
૧૨.	ફેરમુદ્દત તપાસ સબંધી નોટીસ	૧૪/૧૦/૦૯	૩૧
૧૩.	નિ.૧૨ ની યુ.પી.સી.	૧૪/૧૦/૦૯	–
૧૪.	નિ.૧૨ ની મનીરસીદ બી ૬૭/૩	૧૪/૧૦/૦૯	–
૧૫.	નિ.૧૨ ની એકનોલેજમેન્ટ રસીદ	૧૪/૧૦/૦૯	–
૧૬.	ફેરમુદ્દત તપાસ સબંધી નોટીસ	૦૫/૧૧/૦૯	૩૨
૧૭.	નિ.૧૬ ની યુ.પી.સી.	૦૫/૧૧/૦૯	–
૧૮.	નિ.૧૬ ની રજી. પો. મનીરસીદ એ ૮૩૧૦	૦૫/૧૧/૦૯	–
૧૯.	નિ.૧૬ ની એ.ડી.સ્લીપ	૦૫/૧૧/૦૯	–
૨૦.	આરોપીએ રજી.પો.એ.ડી. થી મોકલેલ કવર	૧૭/૧૧/૦૯	–
૨૧.	નિ.૨૦ માંથી નીકળેલ કાગળ	૧૬/૧૧/૦૯	૧૮
૨૨.	આરોપીની અરજી	૩૦/૧૧/૦૯	૧૯
૨૩.	સંસ્થાનો લેખીત જવાબ (આંક–૨૧ બાબત)	૩૦/૧૧/૦૯	૩૩
૨૪.	સંસ્થાનો લેખીત જવાબ (આંક–૨૨ બાબત)	૨૭/૧૨/૦૯	૩૪
૨૫.	આરોપીની અરજી	૨૭/૧૨/૦૯	૩૫
૨૬.	ફેરમુદ્દત તપાસ સબંધી નોટીસ	૧૬/૧/૧૦	–
૨૭.	નિ.૨૬ ની યુ.પી.સી.	૧૬/૧/૧૦	–
૨૮.	નિ.૨૬ ની રજી. પો. મનીરસીદ એ ૧૪૫૪	૧૬/૧/૧૦	–

૨૯.	નિ.૨૬ ની એકનોલેજમેન્ટ રસીદ	૧૯/૧/૧૦	૩૬
૩૦.	સંસ્થા તરફે સાહેદોની યાદી	૩૧/૦૧/૧૦	–
૩૧.	સંસ્થા તરફે સાહેદ નં.૧ શ્રી રાજેન્દ્ર બી. ચૌધરીની જુબાની	૩૧/૧/૧૦	–
૩૨.	સંસ્થા તરફે સાહેદ નં.૨ શ્રી અભિષેક એસ. દુબેની જુબાની	૩૧/૦૧/૧૦	–
૩૩.	સાહેદશ્રી અભિષેક દુબે એ સંસ્થાને આપેલ ફરીયાદ–રીપોર્ટ	–	–
૩૪.	તપાસની ફેરમુદ્ધત નોટીસ	૧/૨/૧૦	૩૭
૩૫.	નિ.૩૪ ની રજી. પો. ની રસીદ બી ૨૮૪૫	૧/૨/૧૦	–
૩૬.	નિ.૩૪ ની યુ.પી.સી.	૧/૨/૧૦	–
૩૭.	તપાસની ફેરમુદ્ધત નોટીસ (યુ.પી.સી.)	૮/૨/૧૦	–
૩૮.	નિ.૩૭ ની યુ.પી.સી.	૮/૨/૧૦	–
૩૯.	તપાસની ફેરમુદ્ધત નોટીસ (રજી.એ.ડી.)	૮/૨/૧૦	૩૮
૪૦.	નિ.૩૯ ની રજી. પો. મનીરસીદ નં.૩૪૬૭	૮/૨/૧૦	–
૪૧.	નિ.૩૯ ની રજી.એ.ડી.	૧૨/૨/૧૦	–
૪૨	આંક–૩૪ વાળી નોટીસની એ.ડી.	૮/૨/૧૦	–
૪૩.	આરોપીએ સંસ્થાને મોકલેલ પત્ર	૨૧/૧/૧૦	–
૪૪.	આંક–૪૩ નું કવર	૧/૧૨/૧૦	–
૪૫.	આંક–૪૩ નો સંસ્થાએ આરોપીને આપેલ જવાબ	–	૩૯
૪૬.	આંક.૪૫ ની રજી. પો. મનીરસીદ નં.૩૪૦૮	૬/૨/૧૦	–
૪૭.	આંક.૪૫ ની એકનોલેજમેન્ટ રસીદ	૧૨/૨/૧૦	–
૪૮.	સંસ્થાની અરજી	૨૮/૨/૧૦	–
૪૯.	સંસ્થા તરફે સાહેદ નં.૩ શ્રી અશોકભાઇ પી. ભોલાની જુબાની	૨૮/૦૨/૧૦	–
૫૦.	સાહેદનું લેખિત નિવેદન	૧૨/૧/૦૯	–
૫૧.	તપાસ સબંધી ફેરમુદ્ધતની નોટીસ	૩/૩/૧૦	–
૫૨.	એજનનું યુ.પી.સી.	૩/૩/૧૦	–
૫૩.	એજનની રજી. પો. મનીરસીદ નં.એ ૨૧૮	૩/૩/૧૦	–
૫૪.	એજનની એકનોલેજમેન્ટ રસીદ	૧૫/૩/૧૦	–
૫૫.	સંસ્થાની અરજી	૨૦/૩/૧૦	–
૫૬.	સંસ્થાની કલોઝીંગ પુરસીસ	૨૦/૩/૧૦	–
૫૭.	તપાસ સબંધી ફેરમુદ્ધતની નોટીસ	૧/૪/૧૦	૪૦

૫૮.	એજનની રજી. પો. મનીરસીદ નં.૭૫૩૨	૧૯/૪/૧૦	–
૫૯.	એજનની રજી.પો. એ.ડી. સ્લીપ	૨૩/૪/૧૦	–
૬૦.	સંસ્થાના રજુઆત અધિકારી જયેશ નારણદાસ પટેલનુ નિમણુંક પત્ર	૮/૫/૧૦	–
૬૧.	સંસ્થાની અરજી	૮/૫/૧૦	–
૬૨.	તપાસની ફેરમુદ્ધતની નોટીસ	૮/૫/૧૦	–
૬૩.	એજનનું યુ.પી.સી.	૧૫/૫/૧૦	૪૧
૬૪.	એજનની રજી. પો. મનીરસીદ નં.૮૯૪૩	૧૫/૫/૧૦	–
૬૫.	તપાસની ફેરમુદ્ધતની નોટીસ	૨૨/૫/૧૦	–
૬૬.	એજનનું યુ.પી.સી.	૨૫/૫/૧૦	–
૬૭.	એજનની મનીરસીદ નં.૯૨૧૩	૨૫/૫/૧૦	–
૬૮.	આંક–૬૬ ની રજી.એ.ડી.સ્લીપ	–	૪૨
૬૯.	આંક–૬૩ ની રજી.એ.ડી.સ્લીપ	૧૯/૫/૧૦	૪૩

–: પ્રથમ પક્ષકાર તરફે આંક– ૨૫ થી દસ્તાવેજી પુરાવો :–

અ. નં.	દસ્તાવેજી પુરાવાની વિગત	નિ.
૧	નિ.૧૩/૧ થી રજુ કરવામાં આવેલ તપાસની કાર્યવાહીનો તપાસ અધિક્ષકશ્રીના હસ્તાક્ષરમાં છે તેની ટાઇપ્ડ નકલો.	૨૫/૧

(૬) આ કામે અત્રેની કોર્ટ દ્રારા આંક–૦૨ થી સુનાવણીની નોટિસ કાઢવામાં આવેલ છે. જે નોટીસ પક્ષકારોને બજી ગયેલ છે. ત્યારબાદ બીજા પક્ષકાર તરફે બી.આર. પ્રજાપતિનું અધિકારપત્ર આંક–૦૬ થી રજુ થયેલ છે. આંક–૧૦ થી પ્રથમ પક્ષકાર તરફે એમ.એન.પારેખનું વકીલપત્ર રજુ થયેલ છે. ત્યારબાદ આંક–૧૬ થી બીજા પક્ષકાર તરફે ખાતાકિય તપાસને પડકારતી અરજી કરેલ છે જે હેઠળ નામદાર કોર્ટ દ્રારા આંક–૧૭ થી પ્રથમ પક્ષકાર દ્રારા બીજા પક્ષકાર કામદારની કરવામાં આવેલ ખાતાકિય તપાસની કાર્યવાહિ કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજની હોવા બાબતે મુદ્દો ઘડવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૨૬ થી પ્રથમ પક્ષકાર તરફે વકીલ તરીકે છુટા થવા અરજી રજુ થયેલ છે. ત્યારબાદ આંક–૨૭ થી વિ.વ.શ્રી કે.એચ.પટેલનુ વકિલપત્ર રજુ થયેલ છે. ત્યારબાદ ખાતાકિય તપાસની કાર્યવાહિ બાબતે બન્ને પક્ષકારોનો પુરાવો લઇ અને આંક–૫૪ થી બીજા પક્ષકાર સામે કરવામાં આવેલ ખાતાકિય તપાસ કાયદેસર અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ કરવામાં આવેલ હોવાનું ઠરાવવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૫૬ થી બીજા પક્ષકાર તરફે પુરાવાનું સોગંદનામુ રજુ થયેલ છે. આંક–૬૦ થી પ્રથમ પક્ષકાર તરફે કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે. ત્યારબાદ આંક–૬૧ થી પ્રથમ પક્ષકાર તરફે કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે. ત્યારબાદ આંક–૬૧ થી પ્રથમ પક્ષકાર તરફે કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે. ત્યારબાદ આંક–૬૫ તી પ્રથમ પક્ષકાર તરફે લેખીત દલીલ રજુ

કરવામાં આવેલ છે. તેમજ ત્યારબાદ બીજા પક્ષકારની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામ હુકમ ઉપર લેવામાં આવેલ છે.

(૭) આ કામના પ્રથમ પક્ષકાર તરફે આંક–૬૫ થી નીચે મુજબના ચુકાદા રજુ થયેલ છે જે ધ્યાને લેવામાં આવેલ છે.

1. Ghelabhai Popatbhai Tarpara and ors. Vs. Agriculture Product Market Commity, Kalawad and ors.
   1988 (2) G.L.H., Page No. 463, Gujarat High Court.

2. Vijay J. Gadhvi Vs. State of Gujarat
   1988 (2) GLR Page No. 902 or 1988 (0) GLHEL-HC-213693.

3. N. D. Patel and Company Vs. Manubhai Karshanbhai Parmar.
   1984 (1) GLR Page No. 386 or 1983 (0) GLHEL-HC-208113, Gujarat High Court.

4. Tata Son's Ltd. Vs. Workman
   2013(0) AIJ-DAL-1359085 or 2013 (203) DLT-453, Delhi High Court.

5. Shree Ram Institute for Industrial Research Vs. Rajeshkumar Gandhi.
   FLR 2013 (136) 12 or LLR 2012 (0) 1135 or Laws (DLH) 2012 (9) 365, Delhi High Court.

6. Rajsthan Gramin Bank Vs. Bishanlal Bairva
   2010 (13) SSC-248 or 2009 (0) GLHEL-SSC-43479, Supereme Court.

7. North East Karnataka Road Transport Corporation Vs. M. Nagagonda.
   2007(10) SSC- Page No.765 or AIR-2007-SC-973 or 2007 (0) GLHEL-SC-38559.

8. Anand Bajar Patrika Pvt. Ltd. Vs. Workmens
   FLR, 1963 Vol-7, Page No. 240.

9. Laxmidevi Sugar Mils Ltd. Vs. P.T. Ramsaru and Ors.
   1957, 1-LLJ, Page No. 17.

10. Brook Bond India Vs. S Subba Raman.
    1961 LLJ, Part-2, Page No. 1348 or FJR 1961-62, Vol-20, Page No.424.

11. siemens ltd. and ors. Vs. semens Employee'S Union
    2012 L.L.R., Page no. 79.

(૮) આ કામના પક્ષકારોની દલીલ આધારે આ કેસના ન્યાયનિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

<u>–: મુદ્દાઓ :–</u>

મુદ્દા નં.૧ શું તપાસ અધિકારીના તારણો તર્કવિરુધ્ધના અને પાયાવિહોણા છે?

મુદ્દા નં.ર શું બીજાપક્ષકાર કામદારને કરવામાં આવેલ ડીસ્ચાર્જની સજા વધુ પડતી અને આકરી છે કે કેમ?

મુદ્દા નં.૩ શું પડેલા દિવસોના પગાર સહિત અસલ જગ્યાએ સાતત્ય સાથે નોકરીમાં પુન:સ્થાપિત થવા બીજાપક્ષકાર કામદાર હકકદાર છે?

મુદ્દા નં.૪ શું હુકમ?

(૯) ઉપરોકત મુદ્દાઓ અંગેના જવાબો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારમાં.

મુદ્દા નં.ર હકારમાં.

મુદ્દા નં.૩ અંશત: હકારમાં.

મુદ્દા નં.૪ આખરી હુકમ મુજબ.

:: કા ર ણો ::

મુદ્દા નં.૧:-

(૧૦) આ કેસની ટુંકમાં હકીકત એવી છે કે, બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે કોઈપણ જાતનાં કારણ આપ્યા સિવાય એકાએક પહેલા તા.૨૫/૦૨/૨૦૦૯ નાં રોજથી સંસ્થામાંથી સસ્પેન્ડ કરી દીધેલ અને જેથી બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારને તા.૧૦/૦૮/૨૦૦૯ નાં રોજ પત્ર લખી સસ્પેન્શન એલાઉન્સની માંગણી કરેલ. સદર પત્ર પ્રથમ પક્ષકારને મળ્યાબાદ તા.૩૧/૦૮/૨૦૦૯ નાં રોજ બીજા પક્ષકારને તહોમતાનામું મોકલેલ. બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારનાં તહોમતનામાનો તા.૦૩/૧૦/૨૦૦૯ નાં રોજ લેખિત જવાબ આપેલ અને તેમા કેટલાંક દસ્તાવેજોની માંગણી પણ કરેલ પણ બીજા પક્ષકારનાં જવાબની હકીકતને ધ્યાને દીધા સિવાય પ્રથમ પક્ષકારે ખાતાકીય તપાસ કરવાનું નકકી કરેલ. બીજા પક્ષકાર ખાતાકીય તપાસની કાર્યવાહીમાં હાજર થયેલ અને હાજર થવા જતા હતા. પરતું પ્રથમ પક્ષકાર તેમજ તપાસ અધિકારીશ્રીએ સાચી હકીકત અને સાચી રજુઆતોને ધ્યાને લીધા સિવાય એકબીજાનાં મેળાપીપણામાં એકતરફી ખાતાકીય તપાસ કરી એકતરફી નિર્ણય લઈ વર્ષો જુની નોકરીનો ભોગ લઈ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી બરતરફ કરેલ છે. જે સામે પ્રથમ પક્ષકારે રજુઆત કરેલ છે કે બીજા પક્ષકારે તા.૧૦-૧-૨૦૦૯ તથા તા. ૧૨-૧-૨૦૦૯ નારોજ બોટમ લેયર ઓપરેટર તરીકેની ફરજો દરમ્યાન કેટલીક ગેરવર્તણુકો આચરતા સંસ્થાને ઉત્પાદનનું તેમજ આર્થીક નુકશાન થવા પામેલ જે સબંધે બીજા પક્ષકારને તા. ૨૫-૨-૨૦૦૯ ના લેખીત હુકમ દ્વારા ફરજ મોકુફ કરવામાં આવેલ તેમજ તા.૩૧-૮-૨૦૦૯નું તોહમતનામું આપવામાં આવેલ, બીજા પક્ષકાર તરફથી તોહમતનામાનો લેખીત જવાબ તા.૩-૧-૨૦૦૯ નો આપવમાં આવેલ, જે જવાબ બીજા પક્ષકાર દ્વારા તપાસની કાર્યવાહી દરમ્યાન રજુ કરવામાં આવેલ. તપાસની કાર્યવાહી કુલ ૧૫ સીટીંગો દરમ્યાન હાથ ધરવામાં આવેલ તે પૈકી બીજા પક્ષકાર ફકત ૨ સીટીંગોમાં જ તપાસની કાર્યવાહીમાં ભાગ લેવા માટે હાજર થયેલ અને બાકીની મુદતોની બીજા પક્ષકારને રજી.પો.એડી.તથા યુ.પી.સી.સી. દ્વારા જાણ થવા છતાં પણ બીજા પક્ષકારે તપાસની કાર્યવાહીમાં હાજર રહી ભાગ લીધેલ નહી. અને તપાસની કાર્યવાહી પુરી થતાં તપાસ અધીકારી દ્વારા તેમનો અહેવાલ / તારણો તા.૩-૮-૨૦૧૦ નો આપવામાં આવેલ અને તે દ્વારા બીજા પક્ષકાર વિરૂધ્ધ મુકવામાં આવેલ ગેરવર્તણુંકના આક્ષેપો પુરવાર થતાં હોવાનું જાહેર કરવામા આવેલ છે. બીજા પક્ષકારને તા. ૭-૮-૨૦૧૦ ના પત્ર

દ્વારા તપાસ અધીકારીના અહેવાલની નકલ મોકલવામાં આવેલ, તે અહેવાલ સબંધે રજુઆત કરવા જણાવવામાં આવેલ, જે મુજબ બીજા પક્ષકારે લેખીત રજુઆતો તા.૩–૯–૨૦૧૦ થી કરેલ જે તા.૬–૯–૨૦૧૦ નારોજ રજી.પો. એ.ડી. કરવામા આવેલ, જે સંસ્થાને. તા. ૭–૯–૨૦૧૦ નારોજ મળેલ. બીજા પક્ષકારને શીક્ષા સબંધે બીજી કારણદર્શક નોટીશ તા.૨૫–૮–૨૦૧૦ની આપવામાં આવેલ જેનો બીજા પક્ષકાર દ્વારા કોઈ ખુલાસો રજુ કરવામાં ન આવતાં બીજા પક્ષકારને તા. ૩૦–૧૦–૨૦૧૦ ના હુકમથી નોકરીમાંથી બરતરફીની શીક્ષા કરવામાં આવેલ. બીજા પક્ષકારને ફરજ મોકુફીના સમગ્ર સમયગાળા સબંધે કાયદેસર રીતે મળવાપાત્ર જીવનનીર્વાહ ભથ્થાની ચુકવણી કરવામાં આવેલ છે.

(૧૧) હવે સદર કામે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારના કામદાર ન હોવાનું કે સળંગ નોકરી કરેલ ન હોવાની કોઇ સ્પષ્ટ તકરાર લેવામાં આવેલ નથી અને સળંગ નોકરી કરેલ ન હોવા બાબતે પણ કોઈ તકરાર લેવામાં આવેલ નથી જેથી બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદાર હોવાનું અને તેઓએ સળંગ નોકરી કરેલ હોવાનું પુરવાર થાય છે. હવે આ કામના બીજા પક્ષકાર વિરુધ્ધ પ્રથમ પક્ષકાર દ્વારા કરવામાં આવેલ ખાતાકિય તપાસ અહેવાલમાં બીજાપક્ષકારની વિરુધ્ધના તોહમતનામાં દવારા મુકવામાં આવેલ ગેરવર્તણુકના તમામ આક્ષેપો પુરવાર થયેલ હોવાનુ જાહેર કરેલ છે. જેથી શુ તપાસ અધિકારીએ બન્ને તપાસ અહેવાલના તારણો તર્કવિરુધ્ધના અને પાયાવિહોણા છે કે નહી તે નકકી કરવાનુ રહે છે.

(૧૨) હવે, આ કામના બીજાપક્ષકાર કામદારને આપવામાં આવેલ તારીખ ૩૧/૦૮/૨૦૦૯ ના રોજના આંક–૨૯ ના તોહમતનામામાં જે આક્ષેપો મુકેલ છે તે મુજબ બીજા પક્ષકાર સંસ્થામાં બોટમ લેયર ઓપરેટર તરીકે ફરજ હોય સંસ્થા તરફથી તા. ૨૫–૨–૨૦૦૯ નારોજ લેખીત હુકમ દ્વારા શીસ્ત ભંગની કાર્યવાહી દરમ્યાન ફરજ મૌકુફી હેઠળ મુકવામાં આવેલ, તે હુકમ મુજબ જીવનનીર્વાહ ભથ્થાની પણ ચુકવણી કરવામાં આવેલ. અને વધુમાં જણાવેલ છે કે બીજા પક્ષકાર કામદાર તા.૧૦–૧–૨૦૦૯ તથા તા. ૧૨–૧–૨૦૦૯ ના રોજ ફરજ પર હાજર હતા અને તમો બોટમ લેયર ઓપરેટર તરીકેની કામગીરી પર હતા. અને તા. ૧૦–૧–૨૦૦૯ નારોજ બી શીફટમાં ફરજ પર હતા, ત્યારે બોટમ ડ્રમ ચેસ્ટમાં અગ્ર શકતી પલ્પરનો માલ ચાલી રહયો હતો તે માલ ખરાબ હોવાના કારણે બાજા પક્ષકાર તથા બીજા ઓપરેટરશ્રી અભીશેષ દુબેને મીડલ ડ્રમ ચેસ્ટમાં તે માલ લેવા માટે જણાવેલ તે મુજબ બીજા ઓપરેટરે શ્રી રાજુ સાહેબની સુચના મુજબ કરેલ, પરંતુ બીજા પક્ષકારે તે સુચનાનો અમલ કરેલ નહી અને ફરીથી માલ બોટમ ડ્રમ ચેસ્ટમાં લઈ લીધેલ, જેના કારણે પેપર ઉતરતી કક્ષાનુ બનેલ. તેજ રીતે તા. ૧૨–૧–૨૦૦૯ નારોજ પણ જીએસએમ વેરીયેશન બોટમ લેયરમાંથી આવવાને કારણે ૨૦ મેટ્રીક ટન જેટલો માલ હલકી ગુણવત્તાનો બનવા પામેલ. આથી બીજા પક્ષકારે તેમની ફરજ દરમ્યાન ઉપરી અધીકારીના કાયદેસરના વ્યાજબી હુકમની જાણી જોઈને શીરજોરી તથા અવજ્ઞા કરેલ તેમજ કામમાં બેદરકાર રહી ગંભીર ગફલત કરેલ અને સંસ્થાનો પ્રોડકશન વિભાગ નીભાવવા તથા ચલાવવા સબંધેની સુચનાનો ભંગ કરેલ હોય જેથી તે કૃત્યો સંસ્થાને લાગુ પડતા નમુનારૂપ સ્થાયી હુકમોના હુકમ નં. ૨૪ (ક) (ત) (થ) મુજબ ગેરવર્તણુક બનતા હોય, બીજા પક્ષકારને આ તોહમતનામુ આપી શીસ્તભંગની તપાસની કાર્યવાહી હાથ ધરવાનું નકકી કરવામાં આવેલ તથા તપાસની કાર્યવાહી હાથ ધરવા માટે સંસ્થા તરફથી તપાસ અધીકારી તરીકે શ્રી નીલાંજ એ. દેસાઈ તથા સંસ્થાના પ્રતિનિધિ તરીકે શ્રી ડેનીશ નાયકની નીમણુક કરવામાં આવેલ અને તપાસની કાર્યવાહી તા. ૫–૯–૨૦૦૯ ના રોજ સંસ્થાની ટાઇમ ઓફીસમાં ૯–૩૦ સવારના સમયે હાથ ધરવામાં આવશે તેવુ જણાવેલ અને બીજા પક્ષકારને બચાવના સાક્ષી પુરાવાઓ સહીત સહકામદારનાં જોડે તપાસની

કાર્યવાહીમાં ભાગ લેવા તથા બચાવ કરવા માટે હાજર રહેવા જણાવેલ અને તોહમતનામાનો જો કોઈ તમારે લેખીત જવાબ રજુ કરવો હોય તો તપાસની કાર્યવાહીના સમયે કરી શકવા જણાવેલ. વધુમાં સંસ્થાને લાગુ પડતાં સ્થાયી હુકમોના હુકમ નં. ૨૪ (ક) : ઉપરી અધિકારીના કાયદેસર અને વ્યાજબી હુકમની જાણી જોઈને કરેલી શીરજોરી અથવા અવજ્ઞા, પછી તે શીરજોરી અથવા અવજ્ઞા એકબીજા સાથે મળીને કરેલી હોય કે ન હોય. તેમજ હુકમ નંબર ૨૪ (ત): કામમાં વારંવાર બેદરકાર રહેવુ અથવા ગંભીર અથવા વારંવાર ગફલત કરવી. તથા હુકમ નંબર ૨૪ (થ): સંસ્થાનો કોઈ વિભાગ નીભાવવા અને ચલાવવા અથવા સંસ્થાના કોઈ ભાગમાં સ્વચ્છતા જાળવા માટેના કોઈ નિયમો અથવા સુચનોનો વારંવાર ભંગ કરવો તે મુજબ જણાવેલ છે.

(૧૩) ઉપરોકત આંક–૨૯ ના તહોમતનામાનો બીજા પક્ષકારે આંક–૪૮ થી બીજા પક્ષકારે જવાબ આપી તમામ આક્ષેપોનો ઈન્કાર કરેલ છે અને તા.૧૦/૦૧/૨૦૦૯ નાં રોજ નો બનાવ ફરજ દરમ્યાન બનેલ ન હોવાનું કે બનાવ બાબતે ત્યારે કોઈ ઠપકો, દંડ કે મેમો આપવામાં આવેલ નથી. અને બનાવ બાબતે તા.૧૦/૦૧/૨૦૦૯ નાં રોજ બોટમ ડ્રમ ચેસ્ટમાં અગ્ર શકિત પલ્પરનો માલ ચાલતો હતો અને કામની સોંપણી બાબતના દસ્તાવેજી પુરાવાની માંગણી કરેલ. અને ત્યારબાદ તપાસની કાર્યવાહિ કરવામાં આવેલ અને જે બાબતે તપાસ અધિકારીએ તેમના તારણો આપેલ અને બીજા પક્ષકારને ત્યારબાદ બરતરફ કરવામાં આવેલ છે. હવે, બીજા પક્ષકાર વિરુધ્ધ કરવામાં આવેલ ખાતાકિય તપાસ બાબતે નામદાર કોર્ટ દ્વારા આંક–૧૬ થી પ્રાથમીક મુદ્દો ઘડવામાં આવેલ અને ત્યારબા બન્ને પક્ષકારોનો પુરાવો લઈ અને તારીખ ૧૬/૧૨/૨૦૨૨ ના રોજ બીજા પક્ષકાર વિરુધ્ધ કરવામા આવેલ ખાતાકિય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ કરવામાં આવેલ હોવાનું ઠરાવવામાં આવેલ છે.

(૧૪) હવે તપાસ અધિકારીએ ખાતાકિય તપાસની કાર્યવાહી પુરી થયે આપેલ અહેવાલ મુજબ સંસ્થા તરફે સાહેદ શ્રી રાજેન્દર પઢરીનાથ ચૌધરીની આંક–૩૧ ની જુબાની મુજબ તેઓએ જણાવેલ છે કે બીજા પક્ષકાર તારીખ ૩૦/૦૧/૨૦૦૯ ના રોજ બી શીફ્ટમાં ફરજ પર હતા અને બી શિફ્ટનો સમય બપોરે ૩.૦૦ થી રાત્રે ૧૧.૦૦ વાગ્યાનો હતો અને તારીખ ૧૦/૦૧/૨૦૦૯ ના રોજ સાંજે ૫.૩૦ ની આસપાસ તેઓ અગ્રશક્તિ પલ્પર મશીન ઉપર ગયેલ અને ત્યાંના ઓપરેટર બીજા પક્ષકાર મહેન્દ્ર ચૌધરી અને અભિષેક દુબે ને બોટમ લેયરનો માલ પિંગલ લેયરમાં લેવા સુચના આપેલ જે મુજબનો બદલાવ ઓપરેટર કરવો ફરજીયાત હોય અગ્રશક્તિ પલ્પરમાં ચાલતા માલની ક્વોલિટીમાં સુધાર ન આવતા સાંજે ૬.૩૦ કલાકની આસપાસ તેઓ પાછા સદર મશીન પાસે ગયેલ અને જોયેલ કે તેમની સુચના મુજબ અભિષેક દુબેએ માલ લીધેલ હતો પરંતુ બીજા પક્ષકારનાએ બોટમ લેયરમાં જ માલ રહેવા દીધેલ હતો અને વાલ્વ આરોપીને ખોલી નાખેલ હોય લેયરનો માલ જ આગળ વધતો હોય પેપ–રની ક્વોલિટી બનતી ન હતી અને ઉતરતી કક્ષાનું પેપર બનેલ અને તારીખ ૧૨/૦૧/૨૦૦૯ ના રોજ પણ આરોપી દ્વારા સિસ્ટમના વાલ્વ સાથે જાણી જોઈને છેડછાડી કરતા જીએસએમ લેવલથી વિકને–સમાં વેરીએશન બદલાવ આવતા આશરે ૧૦ મેટ્રિક ટન જેટલો કાગળનો માલ હલકી ગુણવત્તાનો બનવા પામેલ. બીજા પક્ષકારે ઉપરોક્ત કૃત્યો જાણી જોઈને બદઈરાદાથી કરેલ હોય તારીખ ૧૦/૦૧/૨૦૦૯ ના રોજ આરોપીએ દાખલ નિષ્કાળજીના કારણે કંપનીને ઓછામાં ઓછું નુકસાન થયેલ છે. અને તારીખ ૧૨/૦૧/૨૦૦૯ ના રોજ આરોપીએ જાણી જોઈને દાખલ નિષ્કાળજી કારણે કંપનીના આશરે ૩ થી ૪ લાખનું નુકસાન થવા પામેલ છે. વધુમાં સંસ્થા તરફે સાહેદ નંબર–૦૨

અભિષેક દુબે ની આંક–૩૨ ની જુબાની મુજબ તારીખ ૧૦/૦૧/૨૦૦૯ ના રોજ તેઓ બીજી શિફ્ટ–માં ફરજ ઉપર હતા ત્યારે બીજા પક્ષકાર પણ તેની સાથે શિફ્ટમાં કામ કરતા હતા તે રોજ અગ્રશક્તિ પલ્પરમાં ચાલી રહેલ માલમાં ખરાબી ચણાતા પલ્પ મીલ સુપ્રીટેન્ડેન્ટ રાજુ ચૌધરી સાહેબે તેઓને તથા બીજા પક્ષકાર મહેન્દ્ર ચૌધરીને બોટમ લેયરનો માલ મિડલમાં લેવા જણાવેલ અને રાજુ સાહેબની સૂ–ચના મુજબ તેમણે માલ બદલેલ પરંતુ બીજા પક્ષકારનાએ વાલ્વ ખોલી બોટમ ડ્રમ ચેસ્ટમાં લીધેલ અને તેના કારણે ફરી માલની ક્વોલિટી ખરાબ બનવા પામેલ અને રાજુ સાહેબે તેઓને તથા બીજા પક્ષકારને સાંજે ૫.૩૦ આસપાસ સૂચના આપેલ હતી પરંતુ રાજુ સાહેબની સૂચના નું પાલન બીજા પક્ષકારે જાણી જોઈને કરેલ નહીં અને બોટમ ડ્રમ ચેસ્ટમાં માલ લઈ ઉપરનો હુકમ માનેલ નહીં અને જાણી જોઈને પોતાના રાબેતા મુજબના કામમાં બેદરકારી દાખવેલ અને કંપનીને આશરે ૧.૫ થી ૨ લાખનું નુકસાન થયેલ. વધુમાં પ્રથમ પક્ષકાર તરફે સાહેદ નંબર–૩ અશોકભાઈ પ્રભાકરભાઈ ભોલાને આંક–૪૯ થી તપાસેલ જેમની જુબાની મુજબ તેઓ કંપનીમાં તારીખ ૧૨/૦૧/૨૦૧૦ ના રોજ બી શિફ્ટમાં ફરજ ઉપર હાજર હતા અને બીજા પક્ષકાર પણ બી શિફ્ટમાં હતા અને બીજા પક્ષકારનો વિ–ભાગ તેમની પહેલા આવે અને બીજા પક્ષકાર જે પ્રમાણે નો માલ પોતાના મશીનમાંથી કાઢે તે પ્રમાણે તેઓએ તેમના મશીનમાં આરપીએમ વધતા ઓછા કરવા પડે અને તારીખ ૧૨/૦૧/૨૦૦૯ ના રોજ બી શિફ્ટની ફરજ દરમ્યાન સાંજે ૮.૦૦ થી ૯.૦૦ દરમિયાન બીજા પક્ષકાર દ્વારા બોટમ લેયરનો માલ વધારે ઓછો જાણી જોઈને ઈરાદાપૂર્વક કાઢવામાં આવેલ આ માટે તેઓ વાલ્વ વધારે ઓછો ખોલતા તેમણે નજરે જોયેલ આના કારણે જી એમ એમ વેરીએશન આવી અને જેના કારણે બે વખત પીડીએફ મશીન જામ થઈ ગયેલું અને બીજા પક્ષકારને આ વર્તુણકના કારણે તેમના મશીનના આરપીએમ વધારવા ઘટાડવા પડેલ અને બીજા પક્ષકારની આવી કામગીરીને કારણે માલ હલકી ગુણવત્તા વાળો બનેલ અને માલ આશરે ૨૦ મેટ્રિક ટન જેટલો હતો એને બીજા પક્ષકારે જાણી જોઈને કરેલી બેદરકારીને કારણે ૨૦ મેટ્રિક ટન માલ હલકી ગુણવત્તાનો બનતા કંપનીને આર્થિક નુકસાન ગયેલ. હવે તપાસ અધિકારીના તારણો મુજબ આ ત્રણેય સાહેદોની ઉલટ તપાસ બીજા પક્ષકાર દ્વારા કરવામાં આવેલ નથી જેથી તપાસ અધિકારીએ તારણો આપેલા કે સાહેદોની જુબાની તથા દસ્તાવેજ આરોપનામાંના આરોપોને સમર્થન આપે છે અને વિરુદ્ધની કોઈ રેકોર્ડ વિગત રેકર્ડ પર આવેલ નથી અને બચાવના–માની વિગતે સંબંધે બીજા પક્ષકાર તરફે કોઈ જ પુરાવા રજૂ કરેલ ન હોય કે બચાવનામાની હકીકતો પુરવાર કરવા કોઈ પ્રયત્ન કરેલ ન હોય રેકોર્ડ ઉપરના પુરાવા બીજા પક્ષકારને મોકલાયેલ તેમ છતાં પુરાવાના અર્થઘટન સંબંધે તક આપવા છતાં બીજા પક્ષકાર તરફે દરકાર કાળજી લેવાયેલ ન હોય રેકર્ડ પરના પુરાવાના મૂલ્યાંકન કરતા તેઓ એવા મંતવ્ય ઉપર આવે છે કે સંસ્થાએ તારીખ ૩૧/૦૮/૨૦૦૯ ના આરોપપત્રથી આરોપી મહેન્દ્ર સીતારામ ચૌધરી ઉપર લગાવેલા આરોપો પુરવાર થાય છે.

(૧૫) હવે આ કામે રજુ થયેલ નીશાની ૧૩/૩ વાળા તપાસ અધિકારીના અહેવાલને વંચાણે લેવામાં આવે તો, ઉપરોકત તમામ પુરાવા તપાસ અધિકારીએ ધ્યાને લઈ બીજાપક્ષકારની વિરુધ્ધના તોહમતનામાં દવારા મુકવામાં આવેલ ગેરવર્તણુકના તમામ આક્ષેપો પુરવાર થયેલ હોવાનુ જાહેર કરેલ છે. જેથી તપાસ અધિકારીના તપાસ અહેવાલના તારણોનુ મૂલ્યાંકન કરવામાં આવે તો, તપાસ અધિકારીએ જે સાહેદોની મૌખીક નિવેદન આધારે તેમના તારણો આપેલ છે. જે ત્રણેય સાહેદો પ્રથમપક્ષકાર સંસ્થામાં સુપરીટેન્ડન્ટ તથા બીજા પક્ષકાર સાથે કામ કરતા ઓપરેટર તથા પીડીએફ ઓપરેટર છેઈ આમ, પ્રથમપક્ષકાર સંસ્થા દારા બીજાપક્ષકારની ખાતાકીય તપાસની કાર્યવાહી દરમ્યાન તપાસવામાં આવેલ ત્રણેયે સાહેદો બીજાપક્ષકાર સામે મુકવામાં આવેલ આક્ષેપ સાથે સીધી રીતે

સંકળાયેલા સાહેદો છે. અને સદરહુ સાહેદો પેકી સાહેદ નંબર–૧ બીજાપક્ષકાર કામદારને રોજેરોજની કામગીરી સોંપતા હતા તે આધારે તેમનું નિવેદન નોંધવામાં આવેલ છે. વધુમાં આ સાહેદ બીજાપક્ષકારના તરત જ ઉપરના અધિકારીઓ હોય જેથી સામાન્ય સંજોગોમાં તેઓ બનાવથી સારી રીતે વાકેફ હોવાનુ જણાય આવે છે. જે સામે તેમના મૌખીક પુરાવાને તપાસ દરમ્યાન ઉલટતપાસ કરીને ખંડન કરવામાં આવેલ નથી. જેથી આ બન્ને સાહેદોના મૌખીક પુરાવાના ન માનવાને તપાસ અધિકારી પાસે કોઈ કારણ ન હતુ.

(૧૬) ત્યારબાદ તપાસ અધિકારીએ પ્રથમપક્ષકાર સંસ્થા દવારા ખાતાકીય તપાસના કામે આંક–૧૭ થી દસ્તાવેજો રજુ કરેલ છે. હવે દસર કામે તહોમતનામું જોવામાં આવે તો તેમાં બીજા પક્ષકારની ગેરવર્તુણકના કારણે કુલ કેટલુ નુકસાન થયેલ છે તે બાબતે કોઇ વિગત જણાવેલ નથી કે તપાસની કાર્યવાહીના કામે માલ હલકી ગુણવતા વાળો બનેલો હોય તે બાબતે પણ કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે સદર માલ વેચાણ કરવામાં આવેલ હોય અને અન્ય માલ કરતા તેની ગુણવતા ઓછી હોવાને લીધે નુકસાન થવા પામેલ હોય તેવો પણ કોઇ પુરાવો હાલના કામે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં તપાસનો અહેવાલના તારણો જોવામાં આવે તો સદર કામે તારીખ ૧૦/૦૧/૨૦૦૯ ના રોજના બનાવ બાબતે સાહેદ રાજેન્દ્ર ચૌધરીની જુબાની મુજબ બીજા પક્ષકાર કામદારની બેદરકારીને કારણે કેટલુ નુકસાન થયેલ હોય તેવુ જણાવેલ નથી. પરંતુ તેમની જુબાની જોતા ૨ લાખનું નુકસાન થયેલ હોવાનું જણાવેલ છે તથા તારીખ ૧૨/૦૧/૨૦૦૯ ના બનાવ બાબતે કંપનીને ૩ થી ૪ લાખનું નુકસાન થયેલાનું જણાવેલ છે. તેમજ તે જ તારીખ ૧૦/૦૧/૨૦૦૯ ના બનાવ સબંધે બીજા પક્ષકાર કામદાર સાથે કામ કરતા અન્ય ઓપરેટર અભીષેક દુબેની જુબાની મુજબ કંપનીને આશરે ૧.૫ થી ૨.૦૦ લાખનું નુકસાન થયેલાનું જણાવેલ છે. આમ, બન્ને સાહેદોની જુબાનીમાં નુકસાનની રકમમાં મહત્વનો વિરોધાભાસ છે. વધુમાં બીજા પક્ષકારને તારીખ ૧૨/૦૧/૨૦૧૦ ના રોજ તે જ કામ સોંપવાંમાં આવેલ છે અને ફરીથી ૨૦ મેટ્રીક ટન જેટલુ નુકસાન થયેલ હોવાનું જણાવેલ છે. સદર નુકસાન થયેલ હોવા બાબતે પ્રથમ પક્ષકાર કંપની તરફથી કોઇ એવા દસ્તાવેજો રજુ થયેલા નથી કે માલ હલકી ગુણવતાનો હતો કે તે માલ વેચાણ થયા વગરનો પડી રહેલો હતો. જે બાબતે પ્રથમ પક્ષકાર કંપની દ્રારા માલ હલકિ ગુણવતાનો કેવી રીતે આવે છે તે બાબતે બીજી વખત કામ સોંપતા પહેલા કોઇ પગલા લીધેલ હોય તેવુ જણાવેલ નથી. આમ, સાહેદોની જુબાનીમાં તેમની હકિકતને સમર્થન કરતા નુકસાનીના કોઇ દસ્તાવેજી આધાર પુરાવા રજુ કરેલ નથી અને નુકસાન બાબતે મહત્વનો વિરોધાભાસ હોવા છતા તપાસ અધિકારી દ્રારા તેઓની જુબાની કોઇ પણ આધાર પુરાવાને સમર્થન આપતી ન હોવા છતા માનવામાં આવેલ છે. અને તેના આધારે બીજા પક્ષકારને દોષીત ઠરાવવામાં આવેલ છે.

(૧૭) હવે પ્રથમ પક્ષકાર તરફે તેમની દલીલ ના સમર્થનમાં નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો Anand Bajar Patrika Pvt. Ltd. Vs. Workmens FLR, 1963 Vol-7, Page No. 240. રજુ કરેલ છે જેમાં ઠરાવેલ છે કે,

As soon as we reach this conclusion, it follows that the Labour Court had no jurisdiction to consider the merits of the dispute between the parties, and to enquire whether the findings recorded by the domestic tribunal were right or not. We have, however, heard Mr. Chatterjee at length on the question as to whether Mr. Bhattacharjee had authority to appoint Mr. Chakravorty as an Acting Chief Reporter during his absence on leave, because it appeared to us that if evidence clearly showed that the appointment made by Mr. Bhattacharjee was

contrary to the rules prevailing in the institution or was inconsistent with the practice, it may perhaps justify his grievance that Mr. Basu should have allowed the Editor to be examined on the assumption that the Editor could have spoken to the remailing rules or practice in that-behalf. Mr. Sarkar's case is that the Editor is in charge of the whole of the Reporting Department and in case the Chief Reporter goes on leave, it is for the Editor to make an appointment of the Acting Chief Reporter. It is remarkable that though Mr. Sarkar has raised this point from the start, he has not stated on oath anything in support of the practice on which he relies. Mr. Chatterjee has referred us to several statements in his evidence, but he fairly conceded that Mr. Sarkar has now-here made a categorical statement on oath that during the long period that he had been working with this Paper, practice ever was that when the Chief Reporter went on leave, the Editor appointed an Acting Chief Reporter in the leave vacancy. The failure of Mr. Sarkar to make such a categorical statement or to refer to any incident in support of his plea is not without significance.

સદર ચુકાદા મુજબ નામદાર કોર્ટને તપાસ અધિકારીએ આપેલ તારણો સાચા છે કે ખોટા તે બાબતે ગુણદોષ પર ધ્યાને લેવાની જરૂર નથી. પરંતુ હાલના કેસમાં જયારે પ્રથમ પક્ષકાર દ્રારા તેમના તહોમતનામામાં જણાવ્યા મુજબના ના આક્ષેપો બાબતે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. વધુમાં જયારે બીજા પક્ષકાર એકલાજ સમગ્ર કામગીરી કરતા હોય તેવુ પણ જણાતુ નથી અને તેમના ઉપરી અધિકારી પણ સતત મોનીટરીંગ કરતા આવેલા તેમ છતા બીજા પક્ષકાર કામદાર એકલાને જ લીધે નુકસાન થયેલુ હોય તે બાબતે પણ કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. જેથી સદર ચુકાદો હાલના કેસને લાગુ પાડી શકાય નહિ. જેથી ઉપરોકત ચર્ચા મુજબ હાલના કામે તપાસ અધિકારીએ આપેલ તારણો જોવામાં આવે તો તે કોઈ પણ દસ્તાવેજી પુરાવાના આધારે આપવામાં આવેલ નથી કે નુકસાની બાબતે કે હલકી ગુણવતા વાળા માલ બાબતે કોઈ પુરાવો રજુ થયેલ ન હોય તેમ છતા તપાસ અધિકારીનું બીજા પક્ષકારને દોષીત ઠરાવવાનું અવલોકન પરવર્સ જણાય છે. જેથી તપાસ અધિકારીએ જણાવેલ તારણો તર્ક વિરુદધ્ધના અને પરવર્સ જણાતા હોય **મુદ્ધા નંબર–૧** નો જવાબ હું **હકારમાં** આપુ છુ.

<u>મુદ્દા નં.ર:–</u>

આ કામના બીજાપક્ષકાર કામદારને કરવામાં આવેલ ડીસ્ચાર્જની સજા વધુ પડતી અને આકરી છે કે કેમ?

(૧૮) આ બાબત નકકી કરવા આ કામનુ રેકર્ડ વંચાણે લેવામાં આવે તો ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર બીજાપક્ષકાર કામદાર વિરુધ્ધની ખાતાકીય તપાસની કાર્યવાહી કાયદેસર હેરવવામાં આવેલ છે. હવે સદર કામે તપાસ અધિકારીએ સાહેદનો નીવેદનોના આધારે તારણો આપેલા છે અને તેમના અધારે બીજા પક્ષકાર વિરુધ્ધના આક્ષેપો પુરવાર થયેલાનું જણાવેલ છે. પરંતુ ઉપરોકત ચર્ચા કરેલ તે મુજબ તપાસ અધિકારી સમક્ષ નુકસાન અંગેના કોઈ પણ પુરાવા રજુ થયેલ ન હોય અને સાહેદોની જુબાનીમાં પણ નુકસાન બાબતે વિરોધાભાસ જણાતો હોય જેથી તપાસ અધિકારી દ્રારા આપવામાં આવેલ તારણો પરવર્સ પુરવાર થયેલ છે. જેથી જયારે તપાસ અધિકારીના તારણો જ પરવર્સ હોય બીજા પક્ષકારને કરવામાં આવેલ બરતરફની સજા મુળ થી જ ગેરકાયદેસરની અને રદ્ઘ થવા પાત્ર છે. જેથી હું મુદ્દા નં.ર નો જવાબ **હકારમાં** આપું છું.

<u>મુદ્દા નં.૩:–</u>

શું પડેલા દિવસોના પગાર સહિત અસલ જગ્યાએ સાતત્ય સાથે નોકરીમાં પુન:સ્થાપિત થવા બીજા પક્ષકાર કામદાર હકકદાર છે?

(૧૯) ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર તપાસ અધિકારીના તારણો પરવર્સ પુરવાર થયેલ હોય તેમજ બીજા પક્ષકાર કામદારને કરવામાં આવેલ બરતરફની સજા ગેરકાયદેસર ઠરાવવામાં આવેલ હોય જેથી અત્રેની કોર્ટને ઔધોગિક વિવાદ ધારાની કલમ-૧૧ (એ) મુજબ ગુનાના પ્રમાણમાં વધુ પડતી સજા કરેલ હોય તે બાબતે ચર્ચા કરવાની રહેતી નથી. સામાન્ય સંજોગોમાં જયારે કોઈ પણ કામદારને છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવવામાં આવે ત્યારે તેવા કામદાર તેઓની મુળ જગ્યાએ સળંગ નોકરીથી પુન:સ્થાપિત થવા હકકદાર થાય છે. જેથી બીજા પક્ષકાર દ્વારા પડેલા દિવસના પુરેપુરા પગાર તેમજ અન્ય તમામ આનુસાંગિક લાભો સહીત મુળ જગ્યાએ સળંગ નોકરીથી પુન:સ્થાપિત કરવા હુકમ કરવા બીજા પક્ષકાર દવારા અરજ કરવામાં આવેલ છે. બીજા પક્ષકાર કામદાર છુટા થયા બાદ બેકાર રહેલ છે તે સાબીત કરવાની જવાબદારી બીજા પક્ષકારની છે. વધુમાં પડેલ દિવસોના પગાર અંગે નિર્ણયો કરતી વખતે જે તે બીજા પક્ષકાર કામદારે કામ શોધવા કરેલ પ્રયત્નો, કામ મળવાની શકયતાઓ, લેન્થ ઓફ સર્વિસ, કામદારનું શૈક્ષણિક લાયકાત તેમજ સંસ્થાની આર્થિક પરિસ્થિતી પણ ધ્યાને લેવી પડે. આ કામે હાલના કેસમાં બીજા પક્ષકાર કામદારે તેમની આંક-૫૬ની ઉલટ તપાસમાં જણાવેલ કે, **એ વાત ખરી છે કે, મને અહીંથી છુટો કરવામાં આવ્યા બાદ મે રૂબી મેકોન્સ લી. નામની કંપનીમાં કામ કરેલ છે. આ કંપનીના માલીક શ્રી અશરફ નાથાણી છે. મે મેહાલી પેપર પ્રા.લી. કંપનીમાં કામ કરેલ છે આજ કંપનીનું નામ પહેલા રૂબી મેકોન્સ લી. હતું. મેહાલી પેપર પ્રા.લી. કંપની દહેજ ખાતે આવેલી છે. એ વાત ખરી છે કે, રૂબી મેકોન્સ લી. કંપની આગાઉ હતી તેના કરતા મોટી જગ્યામાં મેહાલી પેપર પ્રા.લી. નામની કંપની દહેજ ખાતે બનાવવામાં આવેલી છે. મેહાલી પેપર પ્રા.લી. માં મે આજ હોદા ઉપર કામગીરી કરેલ છે. હું સને – ૨૦૧ ૭ મે મેહાલી પેપર પ્રા.લી. માં નોકરીમાં જોડાયો હતો. મેહાલી પેપર પ્રા.લી. કંપનીમાં આશરે – ૩૫૦ કામદારો કામ કરે છે. મેહાલી પેપર પ્રા.લી. માં હું નોકરીમાં જોડાયો ત્યારે મારો પગાર માસીક રૂા. ૨૩૦૦૦/– હતો. એ વાત ખરી નથી કે, મેહાલી પેપર પા.લી. કંપની એ મને નિમણૂક પત્ર આપેલો હતો. ઓળખ કાર્ડ મને આપેલ છે. હું મેહાલી પેપર પ્રા.લી. માં નોકરી કરતો હતો ત્યારે કંપની પ્રીમાયસીસમાં રહેતો હતો. ત્યાં મારો પ્રોવીડંડ ફંડ કપાતો હતો. મારો પ્રોવીડંડ ફંડ એકાઉન્ટ નંબર યાદ નથી. હાલ હું મેહાલી પેપર પ્રા.લી. માં નોકરી કરતો નથી. પ્રથમ પક્ષકાર કંપનીના એચ.આર. ડીપાર્ટમેન્ટ માંથી કેસ કર્યા અંગેની જાણ કરતાં મેહાલી પેપર પ્રા.લી. કંપની એ મને છુટો કરી દીધેલ. મે મેહાલી પેપર પ્રા.લી. કંપનીમાં છેલ્લે નવેમ્બર-૨૦૨૧ સુધી કામ કરેલું. ત્યાં મારો છેલ્લો પગાર માસીક રૂા. ૩૫૦૦૦ /– હતો. મેહાલી પેપર પ્રા.લી. કંપનીએ છુટા કરવાનો લેખિત હુકમ આપેલ નથી. મેહાલી પેપર પ્રા.લી. માં એચ.આર. માં શ્રી કેતનભાઈ હતા. શ્રી કેતનભાઈ એ પ્રથમ પક્ષકાર કંપનીમાંથી ફોન આવ્યો હતો તેવું મને જણાવેલ. એ વાત ખરી નથી કે, હાલ પણ હું મેહાલી પેપર પ્રા.લી. માં નોકરી કરું છું પરંતું આ કેસ ચાલતો હોવાથી તે કંપનીમાં મારું નામ રાખેલ નથી. હાલમાં હું બુરહાનપુર, એમ.પી. માં રહું છું. આ સિવાય મે ખેતીવાડીનું કામ કાજ કરેલું છે. બીજા કોઈ ઉધ્યોગ માં કામ કરેલ નથી. બુરહાનપુરમાં કોઈ પેપર મીલ આવેલ નથી. મારે ખેતી છે તેમાંથી આવક થાય છે. મે બુહાનપુર ગયા પછી નોકરી માટે કોઈ પ્રયત્ન કરેલ નથી. એપ્લોયમેન્ટ એક્ષેન્જમાં નામ લખાવેલ નથી. વાપી અને આજુબાજુના વિસ્તારમાં આશરે ૫૦ થી ૬૦ પેપર મીલ આવેલ છે.** આમ, બીજાપક્ષકારને પ્રથમપક્ષકારે છુટા કર્યા બાદ તેઓ અન્ય કંપનીમાં કામ કરતા હતા તેવુ જણાવેલ છે અને સને ૨૦૨૧ સુધી કામ કરેલ હોવાનું પણ જણાવેલ છે અને તેમને મળતો પગાર પણ પ્રથમ પક્ષકાર સંસ્થામાં મેળવતા પગારથી ઘણો વધુ પ્રમાણમાં મેળવેલ છે. તેમજ બીજા પક્ષકાર સને ૨૦૨૧ થી તેમના વતન રહેતા હોવાનું જણાવેલ છે.

પરંતુ સને ૨૦૨૧ બાદ તેઓએ નોકરી મેળવવા કોઇ પ્રયત્ન કરેલ નથી તેવુ પણ જણાય આવે છે. આમ, બીજા પક્ષકારની જુબાની મુજબ જ તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાંથી બરતરફ કરવામાં આવ્યા બાદ અન્ય કંપનીમાં સારા પગારથી નોકરી કરતા હતા તેવુ જણાવેલ છે. જેથી બીજા પક્ષકાર સને ૨૦૨૧ સુધી ગેઇનફુલ એમ્પલોયમેન્ટમાં હોવાનું પુરવાર થાય છે. વધુમાં બીજા પક્ષકારે તેમને છુટા કર્યા બાદ રૂબી મોકોન્સમાં અને સને ૨૦૧૭ થી મેહાલી પેપર પ્રા.લી. માં નોકરી કરતા હોવાનું પણ તેમના માંગણા નીવેદન કે પુરાવાના સોગંદનામામાં જણાવેલ નથી. જેથી બીજા પક્ષકારે નામદાર કોર્ટ સમક્ષ સત્ય હકિકત પણ છુપાવેલ છે. તેમજ બીજા પક્ષકારે ત્યારબાદ પણ અન્ય કંપનીમાં નોકરી મેળવવા પ્રયત્ન કરેલ હોય તેવુ પુરવાર કરેલ નથી. જેથી અરજદાર પડેલા દિવસોનો પુરેપુરો પગાર મેળવવા હકકદાર જણાય આવતા નથી. વધુમાં બીજાપક્ષકારને ૧૪ વર્ષ પહેલા છુટા કરવામાં આવેલ છે. અને બીજા પક્ષકારના પુરાવાના સોગ ંદનામાં મુજબ બીજા પક્ષકારની સને ૨૦૨૩માં ઉંમર ૪૧ વર્ષની દર્શાવેલ છે. જેથી બીજા પક્ષકારની હાલની ઉમર શારીરીક સ્થિતિ તેમજ બીજા પક્ષકારનો કામનો પ્રકાર, જે તે સમયનો છેલ્લો પગાર તથા અન્ય ઉપરોકત તમામ હકીકતો ઘ્યાને લેતા બીજા પક્ષકારને નોકરીમાં સાતત્ય સાથે તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવાને બદલે તેમને યોગ્ય રકમનુ વળતર ચુકવવાનો હુકમ કરવામાં આવે તો તેથી ન્યાયનો હેતુ જળવાય રહે તેમ છે. જેથી બીજા પક્ષકારની નોકરીનો સમયગાળો, તેમની ઉમર, છેલ્લો પગાર વિગેરે તમામ હકીકતો ઘ્યાને લેતા હાલના બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકાર સંસ્થામાં તેની અસલ જગ્યાએ પડેલા દિવસોનાં પગાર સહીત નોકરીમાં સાતત્ય સાથે પુન:સ્થાપિત કરવાને બદલે તેમને વળતર તરીકે ફુલ એન્ડ ફાઈનલ લમસમ રકમ રૂપીયા ૫૦,૦૦૦/–આપાવવા ઉચીત જણાય છેઈ જેથી ઉપરોકત ચર્ચાને અંતે મુદ્દા નં. ૩ નો જવાબ **અંશત: હકાર**માં ઠરાવી મુદ્દા નં. ૪ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરું છું.

<u>–: હુકમ :–</u>

૧: બીજા પક્ષકાર કામદારનો રેફરન્સ અંશત: મંજુર કરવામાં આવે છે.

૨: આ કામના બીજા પક્ષકાર કામદારને તારીખ ૩૦/૧૦/૨૦૧૦ ના રોજના નોકરીમાંથી ડીસ્ચાર્જ એટલે કે બરતરફ કરવાનું પ્રથમપક્ષકારનું પગલું ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે.

૩: બીજા પક્ષકાર કામદારને બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકાર સંસ્થામાં તેની અસલ જગ્યાએ પડેલા દિવસોનાં પગાર સહીત નોકરીમાં સાતત્ય સાથે પુન:સ્થાપિત કરવાને બદલ ે તેમને વળતર તરીકે ફુલ એન્ડ ફાઈનલ લમસમ રકમ કુલ રૂા. ૫૦,૦૦૦/– (અંકે રુપિયા પચાસ હજાર પુરા) આ એવોર્ડ પ્રસિઘ્ધ થયેથી દિન–૩૦ માં ચુકવી આપવા પ્રથમ પક્ષકાર સંસ્થાને હુકમ કરવામાં આવે છે. બીજા પક્ષકારની પ્રથમ પક્ષકાર સંસ્થામાં પુનઃસ્થાપનની દાદ ના–મંજુર કરવામાં આવે છે.

૪: આ રેફરન્સના ખર્ચ પેટે રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર કામદારને ચુકવી આપવા.

સ્થળ : વલસાડ
તા. ૧૧/૦૩/૨૦૨૫

(મહેશ લાખાભાઈ ચોથાણી)
પ્રિસાઈડીંગ ઓફીસર ,
લેબર કોર્ટ(પ્રથમ), વલસાડ.
કોડ નં.જી.જે.૦૧૪૩૮